આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૧૨ | ૧૧ ઓક્ટોબર, ૨૦૧૨, બુધવાર; નિજ ભાદરવા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કામ - સ્ફૂર્તિ અને રસથી કરીએ તો થાક ન લાગે, કંટાળાથી કરીએ તો થાકી જવાય, શરીરમાં તાકાત તો છે જ, મનની તાકાતનું મહત્વ છે

- ફાધર વાલેસ

# હવે ઉદ્યોગ ભવનને કોર્પોરેટ લૂક અપાશે

## ઉદ્યોગ ભવનમાં સાઉન્ડ સિસ્ટમવાળી આધુનિક લિફ્ટો નાંખવામાં આવશે, બે તબક્કે લિફ્ટ બદલવાની કામગીરી થશે, અદ્યતન સુવિધાસભર કચેરીઓ સાથે કોર્પોરેટ લૂક આપવાની કામગીરી બે તબક્કે હાથ ધરવાનું હાલનું આયોજન છે, પ્રથમ તબક્કે બહારના લૂકને સુધારાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના 'ઘ' માર્ગ પર આવેલ ઉદ્યોગભવનની કચેરીને પણ કોર્પોરેટ લુક આપવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. આ અંગે કન્સલટન્ટની નિમણુંક પણ કરી દેવામાં આવી છે.

રાજયના ઉદ્યોગ સાહસિકોને એક જ સ્થળેથી ઉદ્યોગ વિભાગની સેવાઓ ઉપલબ્ધ બને તે હેતુથી રાજય સરકારે ઉદ્યોગભવનનું નિર્માણ કર્યુ હતું. ૧૮ બ્લોકમાં વહેંચાયેલ ઉદ્યોગભવનમાં સરકારના વિવિધ જાહેર સાહસો તેમજ ઉદ્યોગ કમિશનર, લઘુ ઉદ્યોગ કમિશનર સહિતની કચેરીઓ હાલ કાર્યરત છે. આ ઉપરાંત ઈન્ડેક્ષ બી સહિત અનેક સરકારી સાહસો પણ કાર્યરત છે.

ઉદ્યોગ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર ઉદ્યોગભવનના કોર્પોરેટ લૂક માટે પ્રથમ તબક્કામાં હાલ જે બહારનો દેખાવ છે તેમાં સુધાર કરવામાં આવશે. આ પછી ક્રમશઃ ઓફિસોના લૂકમાં પણ સુધારની કામગીરી હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ વિસ્તારમાંથી સેન્ટ્રલ વિષ્ટા પણ પસાર થઈ રહી હોવાથી અત્યંત આધુનિક ડિઝાઈન સાથે આ કોર્પોરેટ લુકની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ માટે ચર્ચાઓ અને અન્ય આનુસંગિક કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩ પહેલાં આ કામગીરી હાથ ધરી દેવામાં આવશે તેવા સંકેતો પણ ઉદ્યોગ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થઈ રહ્યા છે.

દરમિયાન ઉદ્યોગભવનમાં આવેલ લિફટોના આધુનિકરણની કામગીરી માર્ગ મકાન વિભાગને ઉદ્યોગભવનનું સંચાલન કરતી સોસાયટીએ સોંપી દીધું છે અને માર્ગ મકાન વિભાગે પણ બે તબક્કે આ લીફટોનું આધુનિકરણ કરવા માટેની કાર્યયોજના તૈયાર કરી આપી દીધી છે જેને પણ મંજુરી આપી દેવામાં આવી છે.

પ્રથમ તબક્કામાં ૧૪ જેટલી લિફટો રૂ.૮ કરોડના અંદાજીત ખર્ચે બદલવામાં આવશે. હાલની લીફટ વ્યવસ્થા અત્યંત જુની પુરાણી થઈ ગઈ છે તેમજ તેની મરામત અને જાળવણીનો ખર્ચ પણ ખુબ આવે છે.

● અનુસંધાન પાન-૭ પર



નવરાત્રી નજદીક આવી રહી છે ત્યારે માતાજીની પૂજા-અનુષ્ઠાન માટે ઉપયોગી વિવિધ વાસણો, પૂજાપાની સામગ્રી હવે બજારમાં દેખાવા લાગી છે અને એની ખરીદીમાં તેજી પણ દેખાવા લાગી છે. (તસવીર : દિપક જાની)

# જિલ્લામાં વાચનપર્વ દરમ્યાન ૬૦ ટકા બાળકોની વાચન-લેખનમાં અભિરૂચિ વધી

## ૧૧મી સપ્ટેમ્બરથી આરંભાયેલા વાચન પર્વમાં ધો. ૧ અને ૨ ના ૧૯ હજાર બાળકોને આવરી લેવાયા હતા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં વાંચનપર્વ દરમ્યાન ૬૦ ટકા જેટલા બાળકોને વાંચન અને લેખનમાં અભિરૂચિ વધે તેમજ તેમની ક્ષમતામાં સુધારો કરવામાં સફળ રહ્યા છે.

જિલ્લામાં ૧૧ સપ્ટેમ્બરથી શરૂ થયેલ વાંચન પર્વ અંતર્ગત ૧૯ હજાર જેટલા ધો. ૧ અને ૨ ના બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. જે લેખન વાંચનમાં નબળા હતા. 'પ્રિય બાળક' અંતર્ગત જિલ્લાની ૬૦૦ શાળાઓમાં આ અંગેનું અભિયાન એક મહિના સુધી ચલાવવામાં આવ્યું છે. રોજ બે કલાકના સમય માટે બાળકોને આ વિશેષ અભિયાનમાં આવરી લઈ તેમની ક્ષમતા સુધારણા કરવામાં આવી હતી.

આજે આ અભિયાન સંપન્ન થઈ રહ્યું છે. જિલ્લા શિક્ષણના સુમાહિતગાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વાંચન પર્વ દરમ્યાન ધો. ૨ થી ૫ ના બાળકોને ઈતર વાંચન માટે પણ ખુબ મોટી સંખ્યામાં ઈતર પુસ્તકો આપવામાં આવ્યા હતા.

વાંચન પર્વની સફળતાને લઈ શિક્ષકોના મૂલ્યાંકન ઉપરાંત થર્ડ પાર્ટી મૂલ્યાંકન કરાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે અને તે મુજબ કદાચ આગામી સપ્તાહમાં આ મૂલ્યાંકનની જિલ્લાકક્ષાએ કામગીરી પણ શરૂ થઈ શકે તેવી શક્યતાઓ છે.

ગુણોત્સવ દરમ્યાન જિલ્લાના પ્રાથમિક શાળાના બાળકો લેખન-ગણન અને વાંચનમાં અત્યંત નબળા જણાયા હતા. સરકારે આ પરિણામને ધ્યાને રાખીને જ વાંચન પર્વના આયોજનની જાહેરાત કરી હતી.

શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર વાંચન પર્વના આ

● અનુસંધાન પાન-૭ પર




# આચારસંહિતનો ભંગ કરવા બદલ કૃષિમંત્રી દિલીપ સંઘાણીને નોટીસ

## પાલિકા વિસ્તારમાં માર્ગનું ખાતમુહૂર્ત કરી પ્રવચન કરવા બદલ ચૂંટણી પંચે પગલાં લીધાં, ૧૫મી સુધીમાં જવાબ કરવા આદેશ

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

ભારતના ચૂંટણી પંચે આદર્શ આચાર સંહિતાના ભંગ બદલ રાજયના કેબિનેટ મંત્રી દિલીપ સંઘાણીને શો-કોઝ નોટીસ ફટકારી છે. તેમને ૧૫મી ઓક્ટોબર સુધીમાં ચૂંટણી પંચને લેખિતમાં જવાબ આપવો પડશે.

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી અનિતા કરવલે કહ્યું હતું કે ગુજરાતમાં ડિસેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં આચાર સંહિતાનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે ત્યારે ગઈ ચોથી તારીખે રાજ્યના કૃષિમંત્રી દિલીપ સંઘાણીએ અમરેલી જિલ્લાની એક પાલિકામાં માર્ગનું ખાતમુહુર્ત કર્યું હતું, એટલું જ નહીં તેમણે આ જગ્યાએ મંચ ઉપરથી પ્રવચન પણ કર્યું હતું. તેમને આચાર સંહિતા ભંગની ૭(૬)-બી કલમ હેઠળ શો કોઝ નોટીસ આપવામાં આવી છે.

આ નોટીસ કોણે આપી છે તેવા એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે ભારતના ચૂંટણી પંચે દિલ્હીથી આ નોટીસ ઈસ્યુ કરી છે અને તેમને ૧૫મી ઓક્ટોબર સુધીમાં ખુલાસો કરવાનો રહેશે.

આચાર સંહિતા ભંગનો કેસ સાબિત થાય તો તે અંગે કયા પગલાં લઈ શકાય છે તેવા એક પ્રશ્નના જવાબમાં અનિતા કરવલે કહ્યું હતું કે તેનો નિર્ણય દિલ્હી સ્થિત ભારતનું ચૂંટણી પંચ લેશે.

ચૂંટણી પંચે અન્ય એક કિસ્સામાં પણ નોટીસ આપી છે. વાઘોડિયા વિસ્તારમાં એક રાજકીય વ્યક્તિએ સાડીનું વિતરણ કર્યુ હતું તેની સાથે પાર્ટીનો સિમ્બોલ પણ વહેંચ્યો હતો.

# ભાજપના રાષ્ટ્રીય નેતા આજે પાવાગઢમાં હશે

અમદાવાદ, તા. ૧૦

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી વી. સતીષ. ગુજરાત ભાજપાના પ્રભારી સાંસદ બલવીર પૂંજ, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ, ગોવાના મુખ્યમંત્રી મનોહર પરીકર, બિહારના ભાજપના આગેવાન રામેશ્વર ચૌરસિયા સહીત આગેવાનો સ્વ. જયપ્રકાશ નારાયણજીના જન્મદિવસે સમાપન પામનારી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રામાં પાવાગઢ ખાતે ખાસ ઉપસ્થિત રહેશે. ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ ભોપાલથી વિમાનમાર્ગે અમદાવાદ આવશે.







